# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-11-2025** **Midday : 2.30 TO 2.35**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# 15TH FINACE COMMISSION'S RECOMMENDATIONS

રાજ્ય સરકારે ૧૫મા નાણાપંચની ભલામણો મુજબ બીજા હપ્તા હેઠળ પંચાયતી રાજ સંસ્થાઓને કુલ ૭૪૧ કરોડ રૂપિયાથી વધુની રકમની ફાળવણી કરી છે.

પંચાયત મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, આ વ્યાપક ફાળવણીનો મુખ્ય હેતુ રાજ્યના ગ્રામીણ માળખાને વધુ મજબૂત બનાવવાનો અને ગ્રામીણ નાગરિકોના જીવનધોરણમાં સુધારો લાવવાનો છે.

શ્રી પટેલે વધુમાં જણાવ્યું હતું કે , આ ફાળવણીના આધારે સમગ્ર રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં આશરે ૪૫ હજારથી વધુ વિકાસ કામો હાથ ધરવામાં આવશે. આ કામોમાં પીવાના પાણીની સુવિધાઓ , સ્વચ્છતાના કાર્યોનો સમાવેશ કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૧૫મા નાણાપંચ અંતર્ગત ગ્રામીણ વિકાસ માટે છેલ્લા એક વર્ષ દરમિયાન કુલ ૨ હજાર ૬૧૯ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. જેમાં ટાઇડ ગ્રાન્ટના પ્રથમ હપ્તા પેટે ૮૨૯ કરોડ અને દ્વિતીય હપ્તા પેટે ૭૪૧ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે.

. . . . . . . . . . . . .

# UNITY MARCH

સરદાર વલ્લભાઈ પટેલની 150 મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે શરૂ થયેલી સરદાર પદયાત્રા આજે વડોદરા આવી પહોંચી હતી. આ પ્રસંગે કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયૂષ ગોયેલે જણાવ્યું હતું કે, સરદાર પટેલે દેશની એકતા અને અખંડિતા માટે કરેલા કાર્યોને આજે પણ લોકો યાદ કરીને આટલી મોટી સંખ્યામાં પદયાત્રામાં ઉમટી પડ્યાં છે.

અત્રે ઉલ્લેખનિય છે કે, 31 મી ઓક્ટોબરથી કરમસદથી શરૂ થયેલી પદયાત્રા છઠ્ઠી ડિસેમ્બરે સ્ટેચ્યુ ઓફ યુનિટી પહોંચશે. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

. . . . . . . . . . . . .

# TAPI AGRICULTURE MEET

નવસારી કૃષિ યુનિવર્સિટી અને તાપી જિલ્લા સ્થિત કૃષિ વિજ્ઞાન કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે ખેડૂત પરિસંવાદનું આયોજન કરવામા આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં તાપી જિલ્લાના કુલ ૯૫ ખેડૂતોએ ભાગ લીધો હતો. જેમાં નવસારી કૃષિ યુનિવર્સિટી અંતર્ગત અસ્પી એગ્રીબિઝનેસ મેનેજમેન્ટ ઇન્સ્ટીટયુટના આચાર્ય ડૉ. જે. જે. પસ્તાગિયા દ્વારા ખેડૂતોને બજાર વ્યવસ્થાપનમાં આવતી મુશ્કેલીઓ નિવારવાના જુદા જુદા મુદ્દાઓ વિશે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

. . . . . . . . . . . . .

# GUJARAT VIDHANSABHA

"ઠક્કરબાપા"ના હૂલામણા નામથી જાણીતા અમૃતલાલ વિઠ્ઠલદાસ ઠક્કરની ૧૫૬મી જન્મજયંતી નિમિત્તે આજે ગુજરાત વિધાનસભા પોડિયમમાં આવેલા તેમના તૈલચિત્રને આજે પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે વિધાનસભાના સચિવ સહિત અધિકારી-કર્મચારીઓ તેમજ શાળાના વિદ્યાર્થીઓએ કૃતજ્ઞતાભાવે પુષ્પાંજલિ આપી શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતા.

પૂજ્ય ઠક્કરબાપાએ વર્ષ ૧૯૧૯ અને ૧૯૨૨માં ગુજરાત અને પંચમહાલના દુષ્કાળ વખતે આદિવાસીઓ માટે રાહત કામગીરી થકી અનાથ , નિરાધાર અને પીડિતો માટે ખૂબ ઉમદા કાર્ય કર્યું હતું.

. . . . . . . . . . . . .

# DIU FISHERMAN ARREST IN PAKISTAN

કેન્દ્રશાસિત પ્રદેશ દીવના ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ મોહનભાઈ લખમણે દીવના 6 નવેમ્બરના રોજ પાકિસ્તાન ખાતે બંદક બનાવેલા ત્રણ માછીમારોના પરિવારની મુલાકાત કરી અને પરિવારજનોને સહયોગ આપવા આશ્વાસન આપ્યુ હતુ,

(બાઈટ -- મોહનભાઈ લખમણ)

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત છઠ્ઠી નવેમ્બરે પાકિસ્તાનના તટરક્ષક દળે માછીમારોની બોટ સહિત આઠ લોકોનું અપહરણ કર્યું હતું. જેમાં દીવ જિલ્લાના ત્રણ માછીમારોનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . .

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં  વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 128મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક , આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર , દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MAHESANA SWATCHTA ABHIYAN

મહેસાણા મહાનગરપાલિકા દ્વારા શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવા માટે સ્વચ્છતા અભિયાન શરૂ કરાયું છે. મહેસાણા જિલ્લા વહીવટી તંત્રે શહેરમાં જાહેરમાં કચરો નાખી ગંદકી ફેલાવનાર લોકો સામે હવે કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે. આ માટે મહાનગરપાલિકા એ શહેરમાં 17 જેટલા કેમેરાના પોઇન્ટ નક્કી કરવામાં આવ્યા છે. જો કોઈ વ્યક્તિ કે સંસ્થા જ્યાં કચરો કે ગંદકી કરતા કેમેરામાં પકડાશે તો તેમની સામે દંડની કાર્યવાહી કરાશે.

. . . . . . . . . . . . .